માર્ચ ૨૦૧૧

કિંમત રૂ. ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ




## જૂઠું બોલવાની આદતને 'બાય બાય'



# જૂઠું બોલવાની આદતને 'બાય બાય'

મિત્રો,

જૂઠું બોલવાનો અનુભવ કોને નહીં હોય ? મમ્મી પૂછે, 'સ્કૂલેથી આવતા કેમ મોડું થયું ?' તો આપણે 'મિત્રો સાથે ગપ્પા મારતો હતો' એવું કહેવાને બદલે 'હોમવર્ક કરતો હતો' એવું કહી દઈએ. આવું તો કેટલીયે વાર બન્યું હશે! ઘણી વાર ઈચ્છા ન હોવા છતાં જૂઠું બોલાઈ જતું હોય છે. ઘણી વાર જૂઠું બોલેલું પકડાઈ પણ જતું હોય છે.

માણસ જૂઠું કેમ બોલે છે ? એના પરિણામ કેવા આવે છે ? જૂઠું બોલવાની આદત પડી ગઈ હોય તો એમાંથી કઈ રીતે છૂટાય ? વગેરેની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદા ભગવાને આ અંકમાં આપી છે.

તો આવો મિત્રો, આપણે પણ આ સમજણને જીવનમાં અપનાવીએ અને જૂઠું બોલવાની આદતને કાયમ માટે 'બાય બાય' કરી દઈએ.

- ડિમ્પલ મહેતા

# અનુક્રમણિકા


દાદાજી કહે છે................................ ૧
નિયમથી જૂઠું બોલજે........................ ૨
આ તો નવી જ વાત !........................ ૬
જૂઠું બોલું કે ન બોલું ?..................... ૮
ચાલો રમીએ................................ ૧૧
ઐતિહાસિક ગૌરવગાથાઓ ............. ૧૨
મીઠી યાદેં.................................. ૧૪
બાળકો સાથે પૂજ્યશ્રી..................... ૧૫
પઝલના જવાબો........................... ૧૬
તમારી જાતને ચકાસી જુઓ,
મારી સમજણ............................. ૧૭
સમર કેમ્પ.................................. ૧૮







# અક્રમ એક્સપ્રેસ

તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૭
સળંગ અંક : ૩૧
માર્ચ ૨૦૧૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ:
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



Printed, Published and Owned by :
Dimple Mehta on behalf of Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડૉલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડૉલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવી.

# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : માણસ જૂઠું શું કામ બોલે?

દાદાશ્રી : માણસ ભયને લીધે જૂઠું બોલે છે. ભયનાં માર્યા જૂઠું બોલે છે. અંદર છૂપો ભય છે કે કોઈ મને શું કહેશે ? કાં તો કોઈ પણ વસ્તુ મેળવવી છે. પછી ધીમે ધીમે જૂઠાની ટેવ પડી જાય. પછી ભય ના હોય તોય જૂઠું બોલી જાય. એક ફેરો તને બોરીવલી સ્ટેશને મોકલ્યો હોય. તને કહ્યું હોય કે, 'તું જા, જોઈ આવ કે દાદા આવ્યા છે કે નહીં ? પાંચ વાગ્યે આવવાના હતા.' એમાં તારો ભઈબંધ મળ્યો ને તું બેસી રહ્યો, ગપ્પા મારવા માંડ્યો. પછી તું આવીને કહે, 'આ દાદા કંઈ આવ્યા નથી લાગતા.' પણ પછી હું સત્સંગમાં આવ્યો હોઉં, તે બધાને ખબર તો પડી જ જાય, તે પછી તારા પરથી વિશ્વાસ ઊઠી જાય.

પ્રશ્નકર્તા : જૂઠું બોલવાથી શું નુકસાન થતું હશે?

દાદાશ્રી : આપણા પરથી વિશ્વાસ જ ઊઠી જાય. અને વિશ્વાસ ઊઠી ગયો એટલે માણસની કિંમત ખલાસ. કોઈ આપણી પાસે જૂઠું બોલે તો આપણને દુઃખ થાય, એવું આપણે કોઈની પાસે જૂઠું બોલીએ તો એને કેટલું દુઃખ થાય?

પ્રશ્નકર્તા : આપણે જૂઠું બોલ્યા હોઈએ, તે પણ કર્મ બાંધ્યું જ કહેવાય ને ?

દાદાશ્રી : ચોક્કસ વળી ! પણ જૂઠું બોલ્યા હોય ને, તેના કરતાં જૂઠું બોલવાના ભાવ કરો છો, તે વધારે કર્મ કહેવાય. હવે અત્યારે જૂઠું બોલે છે, તો એનું ફળ એને આવતા ભવે મળે.

પ્રશ્નકર્તા : જૂઠું બોલવું નથી છતાં બોલાય છે.


દાદાશ્રી : જ્યારે જૂઠું



બોલાય ને તમને ખબર પડે કે આ જૂઠું બોલાયું કે તરત દાદાની પાસે માફી માંગવાની કે 'દાદા, મારે જૂઠું નથી બોલવું. મને માફ કરો. હવેથી નહીં બોલું. જૂઠું બોલવું એ મહા પાપ છે, મહા દુઃખદાયી છે.' આમ જૂઠું બોલવાનો અભિપ્રાય છૂટી ગયો કે જૂઠું બોલવાના પાપો બંધ થઈ ગયા. છતાં ફરી એવું થાય તો વાંધો નહીં રાખવાનો. ફરી ફરી માફી માંગ માંગ કર્યા કરવાની. માફી માંગી એટલે ગુનો ના લાગે.



# નિયમથી જૂઠું બોલજે...



નાનકડી મિહિકા વાતે વાતે જૂઠું બોલતી, એમ જ સમજોને કે એને જૂઠું બોલવાની આદત જ પડી ગઈ હતી. એના મમ્મી એની આ કુટેવથી બહુ ચિંતિત હતા. એમણે મિહિકાને ઘણી વાર સમજાવી પણ ખરી, પણ મિહિકામાં કોઈ ફેરફાર જણાયો નહીં.

એક દિવસ એમના શહેરના મંદિરમાં એમના ગુરુજી (સંત) પધાર્યા. મિહિકા એની મમ્મી સાથે એમના દર્શન કરવા ગઈ. મિહિકા અને એની મમ્મી બન્નેએ સંતના ચરણસ્પર્શ કર્યા. સંતે આશીર્વાદ આપતા મિહિકાના માથે હાથ મૂકી બોલ્યા, "સુખી થાવ, ખૂબ ખૂબ પ્રગતિ કરો." આ સાંભળી એના મમ્મી બોલ્યા, "ગુરુજી, મિહિકા વાતે વાતે જૂઠું બોલે છે. મને એની ચિંતા રહ્યા કરે છે. કૃપા કરી એને કંઈક સમજણ આપોને."

આ સાંભળી મિહિકા ગંભીર થઈ ગઈ. હમણાં મને વઢશે એવા ભય સાથે એણે એક વાર ગુરુજી સામે જોયું અને પછી નીચું જોઈ ગઈ. ગુરુજીએ ખૂબ જ પ્રેમથી મિહિકાને પૂછ્યું, "તને જૂઠું બોલવું બહુ ગમે છે ?"

મિહિકાએ માથું હલાવી "ના" પાડી. પછી બોલી, "મારે જૂઠું બોલવું નથી હોતું પણ બોલાઈ જવાય છે."

ગુરુજીએ કહ્યું, "તને પેલી 'વાઘ આવ્યો રે વાઘ'ની વાર્તા ખબર છે ?" મિહિકાએ 'હા' કહી. ગુરુજી બોલ્યા, "એમાં પેલો છોકરો વારે વારે જૂઠું બોલી લોકોને મદદ માટે બોલાવતો હતો. ધીમે ધીમે લોકો એના પર વિશ્વાસ કરતા બંધ થઈ ગયા. પછી જ્યારે



સાચે જ વાઘ આવ્યો અને એણે મદદ માટે બૂમ પાડી ત્યારે કોઈ આવ્યું નહીં અને વાઘ એને મારીને ખાઈ ગયો. ખબર છે ને ?"

મિહિકાએ 'હા' કહી માથુ ધુણાવ્યું. ગુરુજીએ આગળ વધાર્યું, "તો પછી તારા પરથી પણ બધાનો વિશ્વાસ ઊઠી જશે તો તને ગમશે ?"

મિહિકાએ કંઈ જવાબ ના આપ્યો. ચૂપચાપ ઊભી હતી. ગુરુજીએ એને કહ્યું, "તું મારી એક વાત માનીશ ?"

મિહિકાએ કુતૂહલ સાથે ગુરુજી સામે જોયું. ગુરુજીએ કહ્યું, "તું જૂઠું બોલે છે એનો મને વાંધો નથી, પણ આજથી તું નક્કી કર કે મારે રોજ પાંચ વખત કે દસ વખત જ જૂઠું બોલવું, એનાથી વધારે નહીં. બોલ, કેટલી વાર રાખવું છે ?"

મિહિકા તો ગુરુજીને જોતી જ રહી ગઈ. આજ સુધી આવી વાત એણે કોઈની પાસેથી સાંભળી જ ન હતી. બધા એને આ કુટેવ માટે વઢતાં જ હતાં. એને ગુરુજીની વાત માનવાનું મન થયું. એણે બે મિનિટ વિચારીને જવાબ આપ્યો, "પાંચ વખત."

ગુરુજી મિહિકાની સામે જોઈ હસ્યા અને બોલ્યા, "તું તો બહુ ડાહી અને સમજુ છે. મને તો એમ કે તું પચાસ વખત કહીશ." આ સાંભળી મિહિકા પણ હસી.

પછી ગુરુજીએ કહ્યું, "તો આજથી તને રોજ દિવસમાં પાંચ વખત જૂઠું બોલવાની છૂટ. એના માટે કોઈ તને નહીં વઢે. મમ્મી પણ નહીં. પણ ધ્યાન રાખજે કે પાંચ વખત પૂરા થઈ ગયા બાદ છઠ્ઠી વખત કંઈ પણ થાય તોય જૂઠું નહીં જ બોલવાનું."

મિહિકાએ કૂતુહલતાથી પૂછ્યું," આનાથી શું થશે ? "ગુરુજીએ હળવા સ્વરે કહ્યું, "એ તું પોતે જ અનુભવ કરજે ને."

મિહિકાએ કહ્યું, "સારું ગુરુજી. તમે પહેલા છો જેને મેં જૂઠું બોલવાની છૂટ આપતા જોયા. હું ચોક્કસ મારું વચન પાળીશ." ગુરુજીએ મિહિકાની માથે હાથ મૂકી ફરી આશીર્વાદ આપ્યા અને બન્ને ઘરે પાછા ફર્યા.

ઘરે આવીને મિહિકાને વારે વારે ગુરુજી યાદ આવતા હતા. એમનો પ્રેમભર્યો વ્યવહાર યાદ આવતો. એ ફરી ફરી નક્કી કરતી કે પાંચ થી વધારે વખત જૂઠું નહીં જ બોલું.

બીજે દિવસે એને સ્કૂલમાં જવું નહોતું. એણે મમ્મીને કહી દીધું, "મને પેટમાં બહુ દુઃખે છે. મારાથી સ્કૂલમાં નહીં જવાય." આમ કહી એ ફરી સૂઈ ગઈ. કલાક પછી ઊઠીને એણે જોયું કે મમ્મી હમણાં કામમાં વ્યસ્ત છે એટલે બોલી, "મમ્મી હું નીચે



રમવા જાઉં છું.'' મમ્મીએ કહ્યું, ''તને પેટમાં દુ:ખતું હતુંને ?'' એણે કહ્યું, ''એ તો મટી ગયું.'' મમ્મી કંઈ આગળ કહે એ પહેલા તો એ ભાગી ગઈ. નીચે જતાં જતાં એણે ગણી લીધું બે વખત જૂઠું બોલાઈ ગયું. હજી હું ત્રણ વખત જૂઠું બોલી શકીશ.

નીચે જઈ એ રમવા લાગી. ત્યાં તો બિલ્ડીંગમાં રહેતી એની ફ્રેન્ડ ગ્રીષ્મા નીચે આવી. મિહિકાને જોઈ એ બોલી, ''અરે, મિહિકા તું સ્કૂલે નથી ગઈ ? મિહિકાએ કહ્યું, ''ના, આજે મારે મમ્મી સાથે બહાર જવાનું છે.'' એમ કહી બન્ને રમવા લાગ્યા.

રમીને થાકી એટલે મિહિકા ઘરે ગઈ અને બોલી, ''મમ્મી, બહુ ભૂખ લાગી છે, જમવાનું તૈયાર છે.'' મમ્મીએ એને જમવાનું પીરસ્યું. જમીનેએ એના રૂમમાં જતી હતી ત્યારે એની મમ્મીએ કહ્યું, ''મિહિકા, આટલા વાસણ લૂછીને મૂકી દે ને.''

મિહિકાને કામ કરવાની બહુ આળસ. એણે તરત જવાબ આપ્યો, ''મમ્મી, નીચે રમતા રમતા મને હાથમાં વાગી ગયું. મારો હાથ બહુ દુ:ખે છે એટલે હું નથી કરતી.'' એમ કહી એ ટી.વી જોવા બેસી ગઈ.




હવે મિહિકા બરાબરની ફસાઈ ગઈ. એ શું જવાબ આપે ? પેટમાં દુ:ખતું હતું કે મમ્મી સાથે બહાર જવાનું હતું ? એ ઠંડીગાર થઈ ગઈ

જમ્યા પછી એની મમ્મીએ કહ્યું, ''મિહિકા ગેસ પર દૂધ ગરમ કરવા મૂક્યું છે. જોજે ઊભરાઈ ન જાય. હું બાજુમાં આન્ટીના ઘરે જઈને આવું છું.'' ટી.વી. જોતા જોતા જ મિહિકાએ 'હા' કહી.

થોડી વારમાં એની મમ્મી પાછી આવી. રસોડામાં જોયું તો દૂધ ઉભરાઈ ગયું હતું. ગેસ હજી પણ ચાલુ જ હતો. એ મિહિકા પર ગુસ્સે થતા બોલ્યા, ''મિહિકા, બધું દૂધ ઊભરાઈ ગયું. તે ધ્યાન ન રાખ્યું ?'' ટી.વી. જોવામાં મશગુલ





મિહિકા દૂધ તો ભૂલી જ ગઈ હતી. એને મમ્મીનો ડર લાગ્યો. એ તરત બોલી, “મને ખબર જ નથી કે તે મને ધ્યાન રાખવાનું કહ્યું હતું.”

મિહિકાએ મનમાં ગણતરી કરી. પાંચ જૂઠ થઈ ગયા. એને થયું, મમ્મી હવે કંઈ ન પૂછે તો સારું. નહીં તો મારે હવે સાચું બોલી દેવું પડશે.

ત્યાં તો એની ફ્રેન્ડ માનસી આવી. એણે કહ્યું, “ચાલ બેડમિન્ટન રમવા.” મિહિકાએ મમ્મીથી છૂટવા કહ્યું, “ચાલ.” એમ કહીને જ્યાં એ જવા જાય છે ત્યાં એની મમ્મીએ પૂછ્યું, “તને હાથમાં વાગ્યું છેને. તું બેડમિન્ટન કેવી રીતે રમી શકીશ ?” હવે મિહિકા ફસાઈ ગઈ. એને એક વાર તો થઈ ગયું કે જૂઠું બોલી દે પણ ગુરુજીને આપેલું વચન યાદ આવતા એ અટકી ગઈ અને બોલી, “નથી વાગ્યું મમ્મી, વાસણ લૂછવાનો કંટાળો આવતો હતો તેથી હું ખોટું બોલી હતી.” માનસીની સામે એને જૂઠું બોલ્યાનો એકરાર કરવો પડ્યો એ એને ખટક્યું. ત્યાં તો ગ્રીષ્મા આવી. મિહિકાને જોઈને બોલી, “અરે, તું બહાર જઈને આવી પણ ગઈ ?” આ સાંભળી એની મમ્મી ચમકી, “બહાર ?” ત્યાં તો એના ક્લાસની ફ્રેન્ડ નિશા આવી. એણે પૂછ્યું, “કેમ આજે સ્કૂલમાં નહોતી આવી ?”


હવે મિહિકા બરાબરની ફસાઈ ગઈ. એ શું જવાબ આપે ? પેટમાં દુઃખતું હતું કે મમ્મી સાથે બહાર જવાનું હતું ? એ ઠંડીગાર થઈ ગઈ. જૂઠું બોલવાના પરિણામ એ પ્રત્યક્ષ અનુભવી રહી હતી. એણે ઢીલા અવાજે જવાબ આપ્યો, “ખરેખર તો મને સ્કૂલમાં આવવાનો કંટાળો આવતો હતો તેથી ના આવી.” આમ કહી એ નીચું જોઈ ગઈ. કોઈની સાથે એ આંખ મેળવી ન શકી. એ રડવા જેવી થઈ ગઈ. દોડીને એના રૂમમાં જતી રહી. એની બધી ફ્રેન્ડને એની મમ્મીએ પોતપોતાના ઘરે મોકલી દીધી અને મિહિકા પાસે ગઈ. મિહિકા ઓશીકામાં મોઢું દબાવીને રડી રહી હતી. એની મમ્મીએ ખૂબ પ્રેમથી એના માથે હાથ ફેરવ્યો અને એટલું જ બોલી, “બેટા, મને તારા પર ગર્વ છે કે તે ગુરુજીને આપેલું વચન પાળ્યું.” આ સાંભળી મિહિકાએ ઓશીકામાંથી માથું કાઢી મમ્મીને વળગી પડી અને બોલી, “મમ્મી, આજથી હું તને વચન આપું છું કે હું ક્યારેય જૂઠું નહીં બોલું.”

અને એ દિવસથી મિહિકાનું જૂઠું બોલવાનું કાયમનું છૂટી ગયું.

જોયું બાળમિત્રો, નાનકડી મિહિકાને પાંચ વખત જૂઠું બોલીને પછી પાછું ફરવું પડ્યું તો આપણે એના અનુભવમાંથી શીખીને કેમ નક્કી ના કરીએ કે ‘હે દાદા ભગવાન, મને એવી શક્તિ આપજો કે મારાથી જૂઠું ના બોલાય.’




# આ તો નવી જ વાત !



પોતાના સ્વાર્થ માટે જૂઠું બોલે, એનું ફળ જાનવરગતિ આવે. દા.ત. પોતાને બહાર ફરવા જવાનું મન થયું હોય પણ કહે કે મારા મિત્રને એકલા કંટાળો આવે છે તેથી હું એની સાથે બહાર જઉં છું.


જેને જૂઠું બોલવાની ટેવ પડી ગઈ હોય એણે જોડે જોડે માફી માંગવાની પણ ટેવ પાડી દેવી, તો જોખમદારી ન આવે. દા.ત. જેટલી વાર જૂઠું બોલાઈ ગયું એટલી વાર મનમાં માફી માંગી લો.



જૂઠું બોલીએ અને પુણ્યનો ઉદય હોય તો પકડાઈએ નહીં પણ પછી તેનો દંડ આવતા ભવે મળે. આવતા ભવે સાચું બોલ્યા હોઈએ તોય જૂઠું બોલ્યાનો આક્ષેપ આવે.


ખોટી વાણી બોલવાથી તો આ જીભ જતી રહેલી ને (મૂંગા થઈ જવાય)! એ દંડ છે બધો.

# જૂઠું બોલું કે ન બોલું ?



આંટી, પ્રાચી ક્યારે નીકળી ? હજી મને લેવા નથી આવી.
એ તો એની કઝીન સાથે હોટલમાં જમવા ગઈ છે એટલે એને આવતા થોડું મોડું થશે.
થોડી વાર પછી,
સિયા, સિયા !!
કેટલી બધી વાર કરી ! હું ક્યારની રાહ જોઉં છું.
અરે યાર, પપ્પાના કામ પતાવવામાં મોડું થઈ ગયું.
પ્રાચી એક નંબરની જૂઠી છે.
સાંજે
શું થયું બેટા ?
પ્રાચી એટલી જૂઠી છેને,મને કહે છે કે એ એના પપ્પાના કામ પતાવતી હતી પણ મેડમ તો રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. હવે ક્યારેય એનો વિશ્વાસ નહીં કરું.
આના પરથી આપણે એટલું શીખી લેવાનું કે કોઈ આપણી પાસે જૂઠું બોલે તો આપણને કેટલું દુઃખ થાય છે, તો આપણે કોઈકની પાસે જૂઠું બોલીએ તો એને પણ દુઃખ થાય જ.
હં...


એક દિવસ સવારે
સિયા, કારને સર્વિસમાં આપવાની છે. મને અડાલજ મૂકીને નજીકના ગેરેજમાં કારને સર્વિસ માટે આપી દઈશ ?
હા
૪ વાગે તને અહીંયા લેવા આવીશ.
એમ કહી સિયાએ ગેરેજમાં કાર ડ્રોપ કરી દીધી.
ટાઈમ પસાર કરવા માટે સિયા નજીકમાં શોપિંગ સેન્ટરમાં ગઈ. બધી વસ્તુઓ અને કપડા જોવામાં એટલી બધી તલ્લીન થઈ ગઈ કે એને ટાઈમનો ખ્યાલ જ ના રહ્યો.
SALE
ઓહ નો ! ૫ વાગી ગયા. મમ્મી કલાકથી રાહ જોતી હશે.
શું કરું ? મમ્મીને કહીશ કે કારમાં બહુ રિપેરીંગ કામની જરૂર હતી. એટલે મોડું થયું.
દૂરથી સિયાએ મમ્મીને એક ખૂણામાં ધીરજપૂર્વક બેઠેલી જોઈ.
મને પ્રાચીએ જૂઠું કહ્યું હતું તો મને કેટલું દુઃખ થયું હતું. મમ્મીને ખબર પડશે કે હું જૂઠું બોલી રહી છું તો એને પણ દુઃખ થશે ! મમ્મી જે સજા આપશે એ સહી લઈશ, પણ જૂઠું તો નહીં જ બોલું.



સોરી મમ્મી. હું શોપિંગ સેન્ટરમાં લટાર મારવા જતી રહી હતી. એમાં મને ટાઈમનો ખ્યાલ ન રહ્યો. મારી બેદરકારીના કારણે તારે આટલી બધી રાહ જોવી પડી.
મમ્મીએ કડકાઈથી સિયા સામે જોયું. સિયાનું માથું ઝૂકી ગયું. એમણે સિયા પાસેથી ગાડીની ચાવી લઈ લીધી.
ગાડીમાં બેસી જા.
ભલે મમ્મી મારા પર ગુસ્સે છે, પણ એને સાચું કહી દીધું તો મને કેટલું હલકું લાગે છે! જૂઠું બોલવાના વિચારથી જ કેટલો ભાર થઈ ગયો હતો અને ભય લાગવા માંડ્યો હતો.
અરે મમ્મી, આપણે ઘરે જવાની બદલે શોપિંગ સેન્ટરમાં કેમ આવી ગયા ?
પહેલા તને સાચું બોલવાની ભેટ અપાવું. પછી ઘરે જઈને મોડા આવવાની સજા મળશે.
અને બન્ને હસી પડ્યા.

# ચાલો રમીએ...

(૧) ૧૦ તફાવત શોધો.





(૨) નીચેનામાંથી બે સરખા બાળકો શોધી કાઢો.



(૩) ખાલી ચોકઠામાં આંકડા પૂરવાના છે. આંકડા ૨ અને ૮ની વચ્ચેના હોવા જોઈએ. ઊભી, આડી અને બે ત્રાંસી હરોળનો સરવાળો નીચે અને જમણી બાજુ પર આપ્યો છે એ મુજબ આવવો જોઈએ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ૨૯ |
| | ૮ | | ૨ | ૮ | ૨૪ |
| | ૮ | ૫ | ૩ | | ૨૫ |
| ૨ | | | ૩ | ૪ | ૧૬ |
| ૫ | ૬ | ૭ | | | ૨૨ |
| ૮ | | ૩ | | ૨ | ૨૩ |
| ૨૪ | ૩૧ | ૨૧ | ૧૪ | ૨૦ | ૨૦ |

# ઐતિહાસિક ગૌરવગાથાઓ




શ્રી નેમિનાથ પ્રભુ વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર હતા. તેમના પિતાનું નામ સમુદ્રવિજય હતું અને માતાનું નામ શિવાદેવી હતું. ભગવાન શ્રી કૃષ્ણ તેમના કાકાના દીકરા હતા.

નેમિનાથ પ્રભુ નાના હતા ત્યારે એક વાર ફરતા ફરતા તેઓ શ્રી કૃષ્ણ ભગવાનની યુદ્ધશાળામાં જઈ ચડ્યા. રમતા રમતા તેઓ અનેક શસ્ત્રો અને બીજા સાધનો જોવા લાગ્યા. આમ કરતા કરતા એમના હાથમાં શંખ આવ્યો. કુતૂહલતાથી એમણે તે વગાડ્યો. શંખનો અવાજ સાંભળી શ્રી કૃષ્ણ ભગવાન, જે વાસુદેવ હતા એમને આશ્ચર્ય થયું. એ શંખ વાસુદેવ જ વગાડી શકે. વાસુદેવથી ઓછી શક્તિવાળાથી એ શંખનો અવાજ થઈ જ ના શકે.

શ્રી કૃષ્ણ ભગવાને સેવકોને તપાસ કરવા કહ્યું કે મારા જેવો જ શંખનાદ કોણ કરે છે? તપાસ કરતા જાણવા મળ્યું કે એ શંખનાદ કરનાર આપનો ભાઈ નેમિકુમાર છે. શ્રી કૃષ્ણ મહારાજને થયું કે નાની ઉંમરમાં આટલું બળ ધરાવે છે. તો મોટી ઉંમરે તે શું નહીં કરે ?


સમય જતા નેમિકુમાર સગપણની વયે પહોંચ્યા. તેમના લગ્ન દ્વારિકામાં રહેતા રાજા ઉગ્રસેનની કુંવરી શ્રી રાજેમતી સાથે નક્કી થયા. લગ્નનો દિવસ આવ્યો. જાન જોડાઈ. નેમિકુમારના વરઘોડાની અપરંપાર શોભા જોવા દેવો અને માનવીઓ પણ ઉમટ્યા.

બીજી બાજુ રાજા ઉગ્રસેને જાનનું સ્વાગત કરવા ભવ્ય તૈયારીઓ કરેલી. જાનૈયાના ભોજન માટે રસોઈઘરની એક બાજુ વંડામાં હરણા, સસલા વગેરે અનેક જાતના પશુઓ પૂરેલા. પુરાયેલા પ્રાણીઓ મૃત્યુના ભયથી





ચિત્કાર કરી રહ્યા હતા. બરાબર એ જ સમયે નેમિકુમારનો વરઘોડો વંડાની નજીક આવી પહોંચ્યો. પ્રાણીઓનો ચિત્કાર સાંભળીને નેમિકુમારનું હૃદય કકળી ઊઠ્યું. એમણે પ્રાણીઓને બાંધી રાખવાનું કારણ પૂછ્યું. જવાબમાં જાણવા મળ્યું કે, “જમણ માટે આ પશુઓને એકઠા કર્યા છે. એ બધાને મારીને તેનું જમણ જાનને અપાશે.”




આ સાંભળીને નેમિકુમારને અત્યંત ખેદ થયો, “અરે ! મારા નિમિત્તે આ બધા નિર્દોષ પ્રાણીઓનો સંહાર થશે ! તો આ લગ્નથી શું સર્યું ? મારે આવાં હજારો નિર્દોષ પ્રાણીઓના નાશ કરવાના નિમિત્ત નથી બનવું.”

આમ વિચારી નેમિકુમારે સારથી પાસે વંડાનું બારણું ખુલ્લું કરાવી, બધા પશુ-પક્ષીને છુટા કરાવી, રથને પાછો વાળવાનો હુકમ કર્યો. ઘરના વડીલોએ પ્રભુને અનેક રીતે સમજાવ્યા પણ પ્રભુએ લગ્ન કરવાની ના પાડી દીધી.

રથ પાછો વાળી નેમિકુમાર પોતાના આવાસે આવ્યા. તે જ સમયે દેવોએ આવી પોતાના આચાર મુજબ પ્રભુને ગૃહસ્થાશ્રમ ત્યાગી જગકલ્યાણ અર્થે દીક્ષા લેવા વિનંતી કરી. પ્રભુએ વરસી દાન આપી એક હજાર રાજા સાથે દીક્ષા લીધી.

આ બાજુ રાજેમતીને પણ વૈરાગ્ય જાગ્યો હતો. તેઓ પણ નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ આત્મકલ્યાણના માર્ગે વળ્યા.

અનેક દુષ્કર તપ કરી નેમિનાથ પ્રભુ ગિરનાર પર્વત પર પધાર્યા. ત્યાં પ્રભુને કેવળજ્ઞાન થયું. અનેક ભવ્ય જીવો પ્રભુનો પ્રતિબોધ પામ્યા. વિહાર કરતા કરતા પ્રભુ પોતાનો આયુષ્યકાળ પૂર્ણ કરી ગિરનાર પર્વત પરથી મોક્ષે પધાર્યા.




# મીઠી યાદેં

નીરુમાનો એક વાર બરોડા સત્સંગ હતો. સત્સંગ શરૂ થવાને હજી વાર હતી. વિડિયો ટીમના ભાઈઓ કેમેરો ને બધું ગોઠવી રહ્યા હતા. નીરુમાની સામે જે મોટો કેમેરો હોય એ ગોઠવીને પેલો ભાઈ બીજું કામ કરી રહ્યો હતો. એવામાં એક છોકરો દોડતો દોડતો આવ્યો ને આખો કેમેરો નીચે પાડી દીધો અને કેમેરો તૂટી ગયો. એ કેમેરો બહુ જ મોંઘો હતો. આખા ડિપાર્ટમેન્ટના બધા ભાઈઓ ઊંચા-નીચા થઈ ગયા, બધા ગભરાઈ ગયા. તરત જ મોટા કેમેરાની જગ્યાએ નાનો કેમેરો ગોઠવાઈ ગયો.

નીરુમા આવ્યા. એમનું તરત ધ્યાન ગયું કે આ રોજનો કેમેરો નથી. પેલો ભાઈ દૂર હતો તેથી નીરુમાએ એને ઈશારાથી પૂછ્યું, "કેમેરો બદલાઈ કેમ ગયો? આ કેમેરો કેમ આવી ગયો?" પેલો ભાઈ એટલો ગભરાય, એટલો ગભરાય કે વાત ન પૂછો ! દૂર હતો એટલે જવાબ કેવી રીતે આપે ? એટલે એણે બીજા ભાઈ જોડે કહેવડાવ્યું કે, નીરુમા, કેમેરો પડી ગયો છે અને તૂટી ગયો છે. એને એમ કે નીરુમા વઢશે. પણ જેવું નીરુમાએ સાંભળ્યું કે તરત એમણે કહેવા આવનાર ભાઈને કહ્યું, "જા, એને કહી દે કે આજે બધાને નીરુમા તરફથી આઈસ્ક્રીમ પાર્ટી." આ સાંભળીને પેલો ભાઈ તો એટલો રીલેક્સ (હળવો) થઈ ગયો કે એનું આખું મોઢું જ ફરી ગયું. એકદમ રિલેક્સ થઈ ગયો. અને સાચે જ એ રાત્રે આઈસ્ક્રીમ પાર્ટી થઈ. નીરુમાએ પણ બધાની સાથે આઈસ્ક્રીમ ખાધો. ત્યારથી એ ભાઈ અને બધા ડિપાર્ટમેન્ટવાળા રિલેક્સ થઈ ગયા. એ દિવસથી એ ભાઈ બધા જ સાધનોનું એટલું બધું ધ્યાન રાખતા કે કંઈ ક્યાંય અથડાય નહીં, ખોવાય નહીં, તૂટે નહીં.

જોયું મિત્રો, જ્ઞાનીઓનો વ્યવહાર કેવો પ્રેમવાળો ! કેવો અદ્‌ભૂત હોય છે કે ગમ્મે એવી ભૂલ થઈ ગઈ હોય તોય કોઈ એમની પાસે જૂઠું ન બોલે.



# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તા : જ્યારે રાતના હું ઘરે એકલી હોઉં છું કે રસ્તા પર એકલી ચાલતી હોઉં છું ત્યારે મને ડર રહે છે. એ ભય છે કે ઈન્સીક્યુરીટી?

પૂજ્યશ્રી : ખરેખર એ ઈન્સીક્યુરીટી છે અને તેના લીધે જ ભય લાગે છે. પણ સીમંધર સીટી એ સુરક્ષિત જગ્યા છે. તો તને શાનો ભય લાગે છે?

પ્રશ્નકર્તા : પણ જ્યારે હું યુ.એસ.એ. જાઉં કે ભાવનગર જાઉં કે બીજી કોઈ જગ્યાએ જાઉં અને ત્યાં જો હું એકલી ચાલતી હોઉં તો મને બેચેની લાગે છે, તો હું આ ડરમાંથી કેવી રીતે નીકળી શકું?

પૂજ્યશ્રી : દાદાને પ્રાર્થના કરવી, "હે દાદા! પ્લીઝ. મારી સાથે રહો", 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' કરવા અને દાદા પાસે શક્તિ માંગવી. તો તને ભય કે ઈન્સીક્યુરીટી નહીં રહે.

---

પ્રશ્નકર્તા : જ્યારે મારા ટીચર મને વર્ગમાં પ્રશ્ન પૂછે અને મને એનો જવાબ ના આવડે ત્યારે તેઓ મને એવું કહે કે મને તારા માટે ઘણી અપેક્ષાઓ છે કે તને વધારે સારું આવડશે.



પૂજ્યશ્રી : તો તારે વધારે ભણવું જોઈએ. તારા ટીચરને એવી આશા છે કે તું વધારે ભણે, સારા માર્કસ મેળવે માટે તે બરાબર છે. દાદા ભગવાન પાસે શક્તિ માંગવાની, ૧૦ મિનિટ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો. એકાગ્રતા વધારવા માટે શક્તિ માંગવાની, તો ધીમે ધીમે તારી પ્રગતિ થશે. ટીચર જે કાંઈ પણ કહે છે તે સ્વીકારવું જોઈએ અને પોઝિટિવ રહેવાનું, જેથી ટીચરની અપેક્ષાઓ પણ પૂરી થાય અને તારા ભણતરમાં પણ પ્રગતિ થાય.

પ્રશ્નકર્તા : તો શું મારે તેમની અપેક્ષાઓ પૂરી કરવી જોઈએ?

પૂજ્યશ્રી : હા, એ તારા ભણવા માટે ઉપયોગી થશે, નહીં કે તારા ટીચર માટે. જો ટીચરને તારા માટે શું અપેક્ષા છે કે, તું સારું શીખે, સારું ભણે અને એમના વિષયમાં સારા માર્કસ મેળવે તો એમાં ખોટું શું છે?

પ્રશ્નકર્તા : કાંઈ જ નહીં.

પૂજ્યશ્રી : તો એ તારા ભવિષ્ય માટે ઉપયોગી થશે અને તારી કારકિર્દી સારી થશે. તો પછી આપણે એને નેગેટિવ કેમ લઈએ છીએ કે તે મારી પાસે કેમ વધુ અપેક્ષાઓ રાખે છે? શું તારે ભણવું નથી અને સારા માર્કસ્ નથી જોઈતા?

પ્રશ્નકર્તા : ના, મને સારા માર્કસ્ જોઈએ છે.

પૂજ્યશ્રી : તો પછી તારે પોઝિટિવ રહેવું જોઈએ. ટીચર તને જે કહે છે તે તારા સારા માટે કહે છે, નહિ કે એમના માટે. એટલે પોઝિટિવ રહીને સારું ભણવા માંડ.

# પઝલના જવાબો

(૧)



(૨) ૨ અને ૭

(૩)

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ૨૯ |
| ૪ | ૮ | ૨ | ૨ | ૮ | ૨૪ |
| ૫ | ૮ | ૫ | ૩ | ૪ | ૨૫ |
| ૨ | ૩ | ૪ | ૩ | ૪ | ૧૬ |
| ૫ | ૬ | ૭ | ૨ | ૨ | ૨૨ |
| ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૨૩ |
| ૨૪ | ૩૧ | ૨૧ | ૧૪ | ૨૦ | ૨૦ |

## હા...હા... હી...હી...

શિક્ષકઃ ટીશા, નકશામાં જોઈને બતાવ કે ઉત્તર અમેરીકા ક્યાં આવેલું છે ?
ટીશાઃ સર જુઓ, આ રહ્યું
શિક્ષકઃ બરાબર. હવે મીશા તું કહે કે ઉત્તર અમેરીકાની શોધ કોણે કરી ?
મીશાઃ ટીશાએ.


'અક્રમએક્સપ્રેસ' માસિકની માહિતી - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. પ્રકાશનનું સ્થળ : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.
૨. પ્રકાશનનો સમય : માસિક
૩. મુદ્રકનું નામઃ અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઈ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪
૪. પ્રકાશનનું નામઃ મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪
૫. તંત્રીનું નામઃ ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૯. માલિકોના નામઃ મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮-૩-૨૦૧૧, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

# તમારી જાતને ચકાસી જૂઓ !

**ધ્યાનથી 'દાદાજી કહે છે' વાંચો અને નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧ ) મૌલિક એક વાર સ્કૂલમાં મોડો પહોંચ્યો. ટીચરે મોડા આવવાનું કારણ પૂછ્યું. .................. લાગતા એ ખોટું બોલ્યો કે સ્કૂલ બસ મોડી આવી. પણ ટીચરને ખબર હતી કે આ સાચું કારણ નથી. આમ ટીચરનો મૌલિક પરથી .............. ઊઠી ગયો. આવું કરે એ માણસની ..................... ખલાસ.

૨) મૌલિક જૂઠું બોલ્યો એનું ટીચરને .................. થયું. એમણે મૌલિકને સમજાવ્યું કે જૂઠું બોલવાથી ............... બંધાય.

૩) ઘરે જઈને મૌલિકને થયું કે, "આ ખોટું થઈ ગયું. જૂઠું ક્યારેય ન બોલવું જોઈએ." આમ એણે ભગવાન પાસે .................. માંગી અને જૂઠું બોલવાનો .................. ફેરવી નાખ્યો.

આમ, માફી માંગીને મૌલિક જૂઠું બોલવાના ગુનામાંથી મુક્ત થઈ ગયો.

જવાબ : ૧) બીક ૨) વિશ્વાસ ૩) કિંમત ૪) દુઃખ ૫) કર્મ ૬) માફી ૭) નિશ્ચય

# મારી સમજણ



રાજુ હંમેશા જૂઠું બોલતો પણ એ ક્યારેય પકડાતો નહીં. આ જોઈ એક વાર નોટબુક ન લાવવા માટે નવીન પણ જૂઠું બોલ્યો. પણ ટીચરે એને પકડી પાડ્યો અને એને સજા કરી. ઘરે જઈને નવીને રડતા રડતા એની મમ્મીને પૂછ્યું, "રાજુ દર વખતે જૂઠું બોલે છે છતાં એ પકડાતો નથી અને એને સજા થતી નથી. હું પહેલી વાર જૂઠું બોલ્યો તોય મને સજા થઈ. આવું કેમ?

નવીનની મમ્મીની જગ્યાએ તમે હો તો શું જવાબ આપશો?

Akram Express

March 2011
Year : 3, Issue : 7
Conti. Issue No.: 31

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# સમર કેમ્પ

## ચાલો બાળકો, ચાલો કીડ્સ કેમ્પમાં સંસ્કાર સિંચન થાયે...

### મિત્રો, તમારો મનગમતો સમર કેમ્પ આવી રહ્યો છે.

**તો તૈયાર ? તમારા સેન્ટરમાં થનાર કિડ્સ કેમ્પની તારીખો નોંધી લો.**

આ કેમ્પમાં તમને ગમે એવી વાર્તાઓ, પપેટ શો, ગ્રુપ ડિસ્કશન, સત્સંગ સેશન, ગેમ્સ, ડ્રોઈંગ અને ક્રાફ્ટ એક્ટીવીટી વગેરે. રાખવામાં આવ્યા છે. સાથે ગરબા અને ભક્તિ પણ ખરા જ.કેમ્પની વધુ વિગતો નીચે આપેલ પ્રત્યેક સેન્ટરના સંપર્ક નંબર પરથી મળી રહેશે. જલ્દી જલ્દી રજીસ્ટ્રેશન કરાવી લો, સંખ્યા મર્યાદિત છે.

## નોંધ :

સમર કેમ્પમાં ભાગ લેવા આપના નજીકના સત્સંગ સેન્ટર પર તા. ૨૦ માર્ચ ૨૦૧૧થી જે તે સમર કેમ્પના ૧૦ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન ચાર્જ રૂ. ૧૦૦/- રહેશે. રજિસ્ટ્રેશન કરાવ્યા વગર કોઈને કેમ્પમાં પ્રવેશ મળશે નહીં. રજિસ્ટ્રેશન ચાર્જ નોન-રિફન્ડેબલ રહેશે. કેમ્પમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે. ઉપર જણાવેલ સેન્ટરોમાંથી કોઈ પણ એક જ સેન્ટરમાં ભાગ લઈ શકાશે.

| સેન્ટર | ઉંમર | તારીખ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| મુંબઈ | ૭-૧૨ વર્ષ | ૨૧-૨૨ એપ્રિલ | ૯૯૨૦૨૮૬૮૧૭ |
| | ૧૦-૧૨ વર્ષ | ૨૩-૨૪ એપ્રિલ | |
| સુરત | ૭-૯ વર્ષ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૩૭૫૮૪૭૬૨૧ |
| | ૧૦-૧૨ વર્ષ | ૨૭-૨૮ એપ્રિલ | |
| રાજકોટ, ત્રિમંદિર | ૭-૯ વર્ષ | ૨૭-૨૮ એપ્રિલ | ૯૭૧૨૩૪૩૯૨૯ |
| | ૧૦-૧૨ વર્ષ | ૨૯-૩૦ એપ્રિલ | |
| ભૂજ, ત્રિમંદિર | ૭-૯ વર્ષ | ૧-૨ મે | ૯૯૦૯૫૬૫૬૭૯ |
| | ૧૦-૧૨ વર્ષ | ૩-૪ મે | |
| સીમંધર સીટી, અડાલજ, ત્રિમંદિર | ૭-૯ વર્ષ | ૫-૬ મે | (૦૭૯) |
| | ૧૦-૧૨ વર્ષ | ૭-૮ મે | ૩૯૮૩૦૪૦૦ |
| ભાવનગર | ૭-૯ વર્ષ | ૯-૧૦ મે | ૯૮૨૪૨૮૩૩૬૯ |
| | ૧૦-૧૨ વર્ષ | ૯-૧૦ મે | |
| વડોદરા | ૭-૯ વર્ષ | ૨૧-૨૨ મે | ૯૭૨૫૬૬૫૫૭૦૦ |
| | ૧૦-૧૨ વર્ષ | ૨૧-૨૨ મે | |

### અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં #હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 #અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # #હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 ##.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset**:- Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.